# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-08-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

---

1) MSMEમાં ગુજરાત અગ્રેસર - રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં ત્રણ લાખ 98 હજાર કરતાં વધુ રોજગારીનું સર્જન થયું
2) ગુજકોમાસોલ દ્વારા રાજ્યમાં "વન ડિસ્ટ્રીક્ટ , વન ક્રોપ " અંતર્ગત દરેક જિલ્લામાં એક પ્રોસેસિંગ યુનિટ ઊભું કરાશે
3) સુરતમાં બિટકોઈન ખંડણી અને અપહરણ કેસના 14 આરોપીને આજીવન કેદની સજા
4) રાજ્યમાં ખેલમહાકુંભ-2025 માટેની નોંધણીનો પ્રારંભ
5) સુરેન્દ્રનગરમાં યોજાયેલા ભાતીગળ તરણેતરના લોકમેળાનું સમાપન
6) રાજ્યમાં આગામી સાત દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# MSME

રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં અંદાજે 86 હજાર 418 કરોડ રૂપિયાના મૂડી રોકાણ સાથે 3 લાખ 98 હજાર કરતાં વધુ રોજગારીનું સર્જન થયું છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર કેન્દ્ર સરકારની 'ઝીરો ડિફેક્ટ ઝીરો ઇફેક્ટ' પહેલ અંતર્ગત એક લાખ 10 હજાર જેટલા MSME એકમોની નોંધણી સાથે ગુજરાત દેશમાં અગ્રેસર રહ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા ક્લસ્ટર વિકાસ-માર્કેટિંગ ડેવલપમેન્ટ સહાય યોજના હેઠળ 1511 એકમોને કુલ 30 કરોડથી વધુનું ચૂકવણું કરાયું છે. માત્ર વર્ષ 2024-25માં જ રાજ્યમાં 42 હજાર 774 કરોડથી વધુના રોકાણ દ્વારા એક લાખ 65 હજાર કરતાં વધુ નવી રોજગારીનું સર્જન થયું છે.

આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા 21 હજાર કરતાં વધુ એકમોને 958 કરોડ રૂપિયા જેટલી નાણાકીય સહાય પણ પૂરી પાડવામાં આવી છે.

. . . . .

# GUJCOMASOL MEETING

ગુજકોમાસોલ દ્વારા રાજ્યમાં "વન ડિસ્ટ્રીક્ટ , વન ક્રોપ " અંતર્ગત દરેક જિલ્લામાં એક પ્રોસેસિંગ યુનિટ ઊભું કરાશે . ગાંધીનગરમાં ગુજકોમાસોલની 64મી વાર્ષિક સાધારણ સભા દરમિયાન ગુજકોમાસોલના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ આ મુજબ જણાવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , સહકાર સે સમૃદ્ધિના ધ્યેયને ચરિતાર્થ કરવામાં રાજ્યની સહકારી સંસ્થાઓએ સહકાર ક્રાંતિથી દેશમાં ઉદાહરણરૂપ કામ કર્યું છે . તેમણે ઉમેર્યું , નવી સહકાર નીતિ મુજબ સંસ્થાઓ કોમ્પ્યુટરાઈઝ્ડ અને અદ્યતન થઈ રહી છે. ત્યારે ઈ-નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ દ્વારા અંદાજે 1500 એ.પી.એમ.સી.ને જોડવામાં આવી છે.

આ પ્રસંગે કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે , વાર્ષિક 10 હજાર કરોડથી વધુનું ટર્નઓવર અને સરકારના ધોરણો અનુસાર 20 ટકા જેટલું ઊંચું ડિવિડન્ડ આપીને ગુજકોમાસોલ રાજ્યની મહત્વપૂર્ણ સહકારી સંસ્થા બની છે.

**(બાઇટ: રાઘવજી પટેલ, કૃષિ મંત્રી)**

. . . .

# BITCOIN CASE

વર્ષ 2018ના સુરતમાં બિટકોઈન ખંડણી અને અપહરણ કેસમાં અમદાવાદની સિટી સેશન્સ અદાલત ખાતેની ACBની વિશેષ અદાલતે પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયા તથા પૂર્વ IPS જગદીશ પટેલ સહિત 14 આરોપીને આજીવન કેદની સજા ફરમાવી છે.

પોલીસ અધિકારીઓએ બિલ્ડર શૈલેષ ભટ્ટનું અપહરણ કરી 200 બિટકોઈન પડાવી 32 કરોડ ખંડણી માગી હતી. ઉલ્લેખનીય છે કે , નલિન કોટડિયા 2012માં GPPમાંથી ધારી બેઠક પરથી ધારાસભ્ય બન્યા હતા.

. . . . . . . .

# SPORTS DAY - OVER ALL-1

મેજર ધ્યાનચંદની જન્મજયંતી નિમિતે રાજ્યભરમાં આજે રાષ્ટ્રીય રમત-ગમત દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે આણંદમાં નાયબ મુખ્ય દંડક રમણ સોલંકીની ઉપસ્થિતીમાં જિલ્લા કક્ષાના રમત-ગમત દિવસની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં રાજ્ય તથા રાષ્ટ્રીય કક્ષા શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર જિલ્લાના રમતવીરોને સન્માનિત કરવામાં આવ્યા હતા.

અમરેલીમાં કરાયેલી ઉજવણીમાં સાંસદ ભરત સુતરિયાની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય રમત-ગમત દિવસની ઉજવણી કરાઇ જેમાં તાલુકા સ્પોર્ટ્સ કન્વીનરનું સન્માન કરવામાં આવ્યું.

આ સાથે જ મહિસાગર અને વડોદરા ખાતે વોલીબોલ , રસ્સાખેંચ, કબડ્ડી તેમજ ખો- ખો જેવી રમતોના આયોજનમાં સૌ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

તો બીજી તરફ ડાંગ જિલ્લાનાં સાપુતારામાં સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે હોકી અને રસ્સાખેચ તેમજ રમત ગમતને પ્રોત્સાહન આપતી પ્રવૃતિનું આયોજન કરાયું.

નવસારીના બીલીમોરાની વી.એસ. પટેલ કોલેજ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં રમતના વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલાડીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

જામનગરમાં સાંસદની ઉપસ્થિતિમાં રમત ગમત ક્ષેત્રે સર્વોચ્ચ પ્રદર્શન કરનાર શાળાનું સન્માન કરાયું હતું,

**(બાઈટ – પૂનમ માડમ, સાંસદ)**

ભરૂચમાં જિલ્લા કક્ષાની કબડ્ડી  તેમજ ફેન્સીંગ સ્પર્ધા યોજાઇ હતી. તો નાના બાળકો માટે લીંબુ ચમચી દોડ પણ યોજાઇ હતી.

છોટાઉદેપુરમાં સાંસદ જશુભાઇ રાઠવા અને કચ્છના ભુજમાં સાંસદ વિનોદ ચાવડાના નેતૃત્વમાં રમતોત્સવ યોજાયો...1

# SPORTS DAY - OVER ALL-2

સાબરકાંઠાના હિમતનગરમાં કલેકટરની ઉપસ્થિતિમાં થયેલ ઉજવણીમાં તમામ ખેલાડીઓને ખેલ મહાકુંભ - 2025માં ભાગ લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

બનાસકાંઠાના જગાણા ખાતે રાજ્યસભાના સાંસદ બાબુ દેસાઇની ઉપસ્થિતીમાં રમતગમત ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરનાર ખેલાડીઓનું સન્માન કરાયું.

રાજકોટમાં ધારાસભ્યની ઉપસ્થિતિમાં મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ ખાતે ખેલાડીઓનું સન્માન, ફિટ ઈન્ડિયાના શપથ સાથે હોકી મેચનો પ્રારંભ કરાયો

. . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.................

# KHEL MAHAKUMBH

રાષ્ટ્રીય રમતગમત દિવસના અવસરે રાજ્યમાં ખેલમહાકુંભ-2025 માટેની નોંધણીનો પ્રારંભ થયો. સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા અમદાવાદમાં યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ નોંધણી પ્રક્રિયાનો શુભારંભ કરાવ્યો હતો. જે અંતર્ગત 22 સપ્ટેમ્બર સુધી નોંધણી કરાવી શકાશે.

ખેલ મહાકુંભના ત્રીજા તબક્કામાં રેકોર્ડબ્રેક 71 લાખથી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે એક એવોર્ડ સમારોહનું આયોજન કરાયું હતું , જેમાં રમતગમત ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરનારા 20 જેટલા ખેલ મહાનુભાવોને પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પદ્મશ્રી અને ઓલમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા મીરાંબાઈ ચાનુ પણ ઉપસ્થિત રહ્યા.

. . . . . .

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 125મી કડી હશે.

લોકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચન મોકલી શકે છે. ઉપરાંત નરેન્દ્ર મોદી એપ અથવા MyGov પોર્ટલ દ્વારા ઓનલાઈન પણ સૂચનો મોકલી શકાશે. સૂચનો મોકલવાનો આજે અંતિમ દિવસ છે.

. . . . .

# TARANETAR MELO

સુરેન્દ્રનગરમાં યોજાયેલા ભાતીગળ તરણેતરના લોકમેળાનું આજે સમાપન થયું. મેળા દરમિયાન લાખો લોકોએ મેળાની મજા માણી તેમજ અનેક કલાકારો અને રમતવીરોને મંચ મળ્યું. ]

આજે અંતિમ દિવસે સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ પરિવાર તથા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે શ્રી ત્રિનેત્રેશ્વર મહાદેવને ધજા ચડાવવામાં આવી હતી. સાંભળીએ એક અહેવાલ...

**(વોઇસ કાસ્ટ : દિનેશ પરમાર)**

. . . . . . . .

# WEATHER FORECAST

આગામી 7 દિવસ રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અનેક જિલ્લાઓમાં રેડ , ઓરેન્જ અને યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે. હાલ રાજ્યમાં બે વરસાદી સિસ્ટમ કાર્યરત છે. જેને પગલે દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ધોધમાર વરસાદ વરસવાની શક્યતા છે.

વરસાદી સિસ્ટમને કારણે દરિયામાં પણ ભારે પવન અને મોજા ઉછળવાની સંભાવના છે. જેથી બંદરો પર ૩ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું હોવાનું હવામાન વિભાગના નિયામક ડો. એ કે દાસે જણાવ્યુ હતું.

**(બાઇટ: ડો. એ કે દાસ, નિયામક, હવામાન વિભાગ )**

. . . . . .

# GUJARAT RAIN - DAM

રાજ્યના 114 તાલુકામાં આજે વરસાદ નોંધાયો છે , જેમાં તાપી જિલ્લાના ડોલવણમાં સૌથી વધુ સાડા 6 ઇંચ વરસાદ વરસ્યો છે. જ્યારે પંચમહાલના શહેરામાં સવા ચાર ઇંચ, સુરતના ઉમરપાડામાં ત્રણ ઇંચ વરસાદ નોંધાયો.

અત્યાર સુધી પડેલા ભારે વરસાદને પગલે રાજ્યના 102 જળાશય હાઇએલર્ટ પર જ્યારે 30 જળાશય એલર્ટ પર છે. તાપી જિલ્લાના વ્યારાથી પસાર થતી મીંઢોળા નદી તેમજ ડોલવણ તાલુકામાંથી પસાર થતી પૂર્ણા ,અંબિકા, ઓલન નદીમાં ભરપૂર પાણીની આવક આવતા નદી કિનારાના ગામોને એલર્ટ કરાયા છે.

. . . .

# C R PATIL – BOTAD

બોટાદમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલની અધ્યક્ષતામાં જળસંચય જન ભાગીદારી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે બોલતા શ્રી પાટિલે જણાવ્યું કે , વરસાદી પાણીનો સંગ્રહ કરવાથી આવનાર સમયમાં ખેડૂતોને ખૂબ મોટો ફાયદો થશે.

**(બાઇટ - C.R. PATIL )**

આ કાર્યક્રમમાં નાગરિકોને વરસાદી પાણીનો સંગ્રહ કરી પાણીને જમીનના સ્તરમાં ઉતારવા વિગતવાર સમજ આપવામાં આવી હતી. આ તકે કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયા , ગઢડાના ધારાસભ્ય શંભુનાથ ટુંડીયા , રાણપુર બરવાળાના ધારાસભ્ય કાળુભાઇ ડાભી સહિતના રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

. . . .